## બુકિંગ્સ

બુકિંગ્સ સીટી હૉલમાં સ્થિત સીટી ક્લાર્કની ઑફિસમાં રુબરૂમાં સોમવારથી શુક્રવાર સુધી સવારે 8:30 થી બપોરે 4 વાગ્યા વચ્ચે (કાયદેસર રજાઓ સિવાય) અથવા ઓનલાઇન વેબસાઇટ www.brampton.ca/SkipTheLine પર કરી શકાય છે

- તારીખો અને સમય ઉપલબ્ધતાને અધીન છે.
- સમારંભનું બુકિંગ કરાવતા પહેલાં એક માન્ય મેરેજ લાઇસન્સ ખરીદવું રહ્યું.

## સ્થળ

સિવિલ મેરેજ સમારંભો 2 વેલિંગ્ટન સ્ટ્રીટ વેસ્ટ, બ્રેમ્પટન સ્થિત બ્રેમ્પટન સીટી હૉલમાં મંગળવારથી શુક્રવાર સુધી કામકાજના કલાકોમાં (કાયદેસર રજાઓના અપવાદ સાથે) યોજવામાં આવે છે. આ સ્થળ અરજદારો, સાક્ષીઓ અને મહેમાનો સહિત મહત્તમ આઠ (8) લોકોને સમાવી શકે છે (કોઈ અપવાદોની છૂટ નથી). દંપતીઓ પોતાના સમારંભ માટે પોશાક પહેરીને અને તૈયાર થઇને આવશે કારણ કે ઇમારતમાં કપડા બદલવાની કોઇ સગવડો નથી. અંગત પોશાક પ્રસંગને યોગ્ય હોવો જોઇએ જેથી સમારંભની ગરિમા જળવાય, જોકે ઔપચારિક લગ્ન પોશાક પહેરવો જરૂરી નથી.



તમારા સિવિલ મેરેજ સમારંભનું
ઓનલાઇન બુકિંગ અહીં કરાવો,
**www.brampton.ca/SkipTheLine**
અથવા આજે જ સીટી ક્લાર્કની ઑફિસની મુલાકાત લો!

વધુ માહિતી માટે, કૃપા કરી સીટી ક્લાર્કની ઑફિસનો સંપર્ક 905.874.2101 નંબર પર કરો અથવા અમારી મુલાકાત લો, બ્રેમ્પટન સીટી હૉલ 2 વેલિંગ્ટન સ્ટ્રીટ વેસ્ટ

વૈકલ્પિક સ્વરૂપો માગણી કરવાથી ઉપલબ્ધ છે.

BRAMPTON



# સિવિલ મેરેજ સમારંભો

## સમારંભ

- સમારંભ 30 મિનિટ જેટલો સમય ચાલે છે.
- ફૂલોની નાની સજાવટની પરવાનગી છે પણ સમારંભ પૂરો થાય એટલે અરજદારોએ ફૂલો ખસેડી લેવા રહ્યાં.
- સમારંભમાં કે સીટી હૉલની જમીન પર મિણબત્તીઓ, કોનફેટી, ચોખા, ધૂપ-અગરબત્તી, પરપોટા કે સરખી વસ્તુઓની પરવાનગી નથી.

## સાક્ષીઓ

લગ્ન સમારોહ દરમિયાન બે (2) સાક્ષીઓએ (દરેક અરજદાર માટે એક) હાજર રહેવું અનિવાર્ય છે. સાક્ષી દીઠ $30 નાં ખર્ચે સાક્ષીઓ પૂરા પાડી શકાય છે અને સાક્ષીઓનું બુકિંગ સમારંભના ઓછામાં ઓછાં ત્રણ (3) કામકાજના દિવસ પહેલાં કરવું રહ્યું.

સાક્ષીઓની ઉંમર ઓછામાં ઓછી 16 વર્ષની હોવી રહી અને સાક્ષીઓ નિપુણપણે અંગ્રેજી સમજતા અને બોલતા હોવા રહ્યાં.



## દુભાષિયાઓ

અરજદાર(રો) દુભાષિયો પૂરો પાડશે જો તેઓ અંગ્રેજી નિપુણપણે વાંચી અને સમજી ના શકે.

- દુભાષિયાએ લગ્ન સમારંભ પહેલાં માન્ય ફોટો ઓળખપત્ર પૂરો પાડવાની અને દુભાષિયો સોગંદનામું (ઓથ ફોર્મ) ભરવાની જરૂર પડશે.
- દુભાષિયો સાક્ષી ના બની શકે.




## રદકરણ નીતિ

નિર્ધારિત સમારંભના સાત (7) કામકાજના દિવસ પહેલાં કરેલા રદકરણોનું રિફંડ આપી શકાય અને રદકરણ $50.00 વત્તા HST ($56.50) વહીવટી ફીને અધીન રહે છે.

નિર્ધારિત લગ્ન સમારંભના સાત (7) થી ઓછાં કામકાજના દિવસ પહેલાં કરેલા રદકરણોનું રિફંડ અપાતું નથી.

## તારીખ બદલવી

સમારંભના સાત (7) કે વધારે કામકાજના દિવસ પહેલાં તારીખમાં કરેલા કોઇ ફેરફારનું રિફંડ આપી શકાય અને રદકરણ $50.00 વત્તા HST ($56.50) વહીવટી ફીને અધીન રહે છે.

સમારંભ પહેલાં સાત (7) થી ઓછાં કામકાજના દિવસો માટે તારીખમાં કરેલા કોઈ ફેરફારને રદકરણ ગણવામાં આવશે અને તે રિફંડને પાત્ર નથી. તારીખ કે સમય સ્લોટમાં ફેરફાર માટેની કોઇ વિનંતી ઉપલબ્ધતાને અધીન છે.

## મોડા પડવાને સંબંધિત નીતિ

ભલામણ કરવામાં આવે છે કે બધાં પક્ષકારો (દંપતી અને બે સાક્ષીઓ) એકસાથે પોતાના નિર્ધારિત સમારંભથી 15 મિનિટ પહેલાં આવે જેથી સમારંભ આયોજન પ્રમાણે યોજાવાની ખાતરી કરી શકાય.

નિર્ધારિત સમારંભમાં મોડા આવતા અરજદારો, સાક્ષીઓ અને મહેમાનોને સમાવવામાં આવશે નહીં - **કોઈ અપવાદ નહીં.**

મોડા આવતા અરજદારોને “નો શૉ” (ગેરહાજર) ગણવામાં આવશે, સમારંભ રદ થશે અને ફી રિફંડ કરવામાં આવશે નહીં. આ નીતિમાં **કોઈ અપવાદો નથી.**

## ફી

નાગરિક સમારંભ માટેની ફી $250 વત્તા HST ($282.50) છે. ફીમાં મેરેજ લાઇસન્સનો ખર્ચ સામેલ નથી, તે અલગથી ખરીદવું રહ્યું.

- આ ફી બુકિંગના સમયે પૂરેપૂરી ભરવી રહી.



22-2932